શ્રી ગોકુલનાથજી મંદિર મોડાસા ખાતે હિંડોળા મહોત્સવની ભક્તિપૂર્વકની ઉજવણી

શ્રી ગોકુલનાથજી મંદિર મોડાસા ખાતે અષાઢ વદ-૧થી સુરંગી તેમજ ચાંદીના હિંડોળાનો પ્રારંભ થયેલ છે. શ્રાવણ માસમાં કલાત્મક હિંડોળા બનાવીને વિવિધ ઉત્સવો ભક્તભાવ અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી થઈ રહી છે. મંદિરના પ્રમુખ મનહર સી. શેઠના જણાવ્યા મુજબ શ્રાવણ વદ-૨ સુધી હિંડોળા ઉત્સવમાં ફૂલના લીલા મેવાના, કાચ-દર્પણના, લીલા શાકભાજી, લીલા ડોળા, સુકા મેવાના કલ્તામક હિંડોળા ઝુલાવવાની મનોરથની સેવાનો લાભ ભક્તો મોટી સંખ્યામાં લઈ રહ્યા છે. તેમજ અન્ય કલાત્મક હિંડોળાના ઉત્સવો જેવા કે મોતીના બંખલા, ઝરીના બંગલાના, ગીરીરાજના ઝુલાના, ઘટાના, પવીત્રા હિંડોળા આગામી દિવસોમાં ઉજવવાના હોઈ વૈષ્ણવોએ દર્શનનો લાભ લેવા વિનંતી કરવામાં આવી છે. હિંડોળા દર્શન સમય સાંજે ૬.૩૦ કલાક પછી હિંડોળા વિજય દર્શન શ્રાવણ વદ-૩ને ગુરૂવારે ઉજવાશે.

મોડાસા પોલીસ પર હુમલાની ઘટનામાં વધુ ૪ની ધરપકડ

મોડાસા, તા. ૧

મોડાસાની કોલેજ રોડ પર વરસાદના પાણીના નિકાલ માટે ચક્કાજામ કરનાર ૧૫૦૦થી વધુના ટોળાને સમાજવા જતા ઘર્ષણ થતા ટોળાએ પોલીસ પર પથ્થરમારો કરી પોલીસને ઈજાઓ પહોંચાડતા અને વાહનોની તોડફોડ કરતા ટાઉન પોલીસે ૨૨ વ્યક્તિના નામ જોગ અને ૨૮ વાહનોના નંબરના આધારે ૧૫૦૦ના ટોળા સામે ફરિયાદ નોંધી ટોળાને ઉશ્કેરનાર નગરપાલિકાના અપક્ષ કોર્પોરેટોર મોં. રફીક મો. યુનુસ ઇપ્રોલીયાની ધરપકડ કરી અન્ય શખ્સોને હાજર થવા નોટીસ ફટકારી હતી. પણ એક પણ શખ્સ હાજર ના થતા મોડાસા ટાઉન પોલીસે ધરપકડનો દોર સરૂ કરતા ૨ દિવસમાં વધુ ૪ આરોપીયોની ધરપકડ કરી હતી.

મોડાસા પોલીસ પર લઘુમતી વિસ્તારના ટોળાએ ચક્કાજામ કરતા સમજાવવા ગયેલી પોલીસ પર હુમલો કરી પથ્થરમારો કરતા પોલીસ પ રાઉન્ડ ટિયરગેશના શેલ છોડી લાઠી ચાર્જ કરી ટોળાને વિખેરવું પડ્યું હતું. મોડાસા ટાઉનપોલીસ ૧૫૦૦ માણસો, ટોળા અને ૫૦ વ્યક્તિ સામે ફરિયાદ નોંધી ૧ વ્યક્તિની ધરપકડ કરી અન્ય શખ્શોને હાજર થવા નોટિસ ફટકારવા છતાં હાજર ના થયી નાસતા ફરતા આરોપીયોને ઝડપી પાડવા કાર્યવાહી કરતા શાહરુખ અયુબખા પઠાણ, ફિરોજ કાલુમિયાં ચૌહાણ (બંને રહે. ઈન્દીરાનગર, પહાડપુર રોડ મોડાસા, મહંમદ આરીફ ઈબ્રાહીમભાઈ પટેલ (રહે. સંજર સોસાયટી, ઘાંચી હાઈસ્કૂલની પાછળ, મોડાસા) રવિવારે બપોરે ૧ વાગે તથા જાવેદહુસેન અસીનમીયા મલેક (રહે. બરકામદાસનો ચોરો કડીયાવાડ રોડ મોડાસા) રવિવારે સવારે ૯ વાગે ધરપકડ કરી પોલીસ જાપ્તા હેઠળ કસ્ટડીમાં રાખવા માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હજુ ૪૫ આરોપીયો નાસતા ફરતા હોવાથી પોલીસની શખ્ત કાર્યવાહીથી મોડાસા છોડી દીધુંહોવાનુંઅને કેટલાક લોકોએ ધરપકડથી બચવા વકીલોની સલાહ લેવા અમદાવાદ સુધી દોડધામ હાથ ધરી હોવાનું આધારભૂર સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતા.

સ્વ. અબ્દુલ કલામની આત્મકથાથી પ્રેરિત થઈને યુવા લેખકે લખ્યું 'ટીનએજ ક્લાઉન'

હાલમાં જ દેશવાસીઓ રાષ્ટ્રના ૧૩મા રાષ્ટ્રપતિ તરીકે રામનાથ કોવિંદ ચૂંટાઈ આવ્યા તેના સાક્ષી બન્યા છે, આપણે જાણીએ છીએ કે આપણા દેશના ૧૧મા રાષ્ટ્રપતિ સ્વ. ડો. એપી જે કલામ આજે પણ યુવાનોને પ્રેરણા આપે છે. તેમની જ આત્મકથા 'વિંગ્સ ઓફ ફાયર' અને તેમની વાતોથી પ્રેરિત થઈને યુવાન પ્રથમ રૈનાએ આજે તેની આત્મકથા 'ટીનએજ ક્લાઉન' સમાજના કેટલાક અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં રજૂ કરી હતી.

પ્રતિષ્ઠિત કેલોરેક્સ-ઓલિવ ઈન્ટરનેશનલ સ્કૂલના પૂર્વ વિદ્યાર્થી પ્રથમે આ ફંકશનમાં માનનીય ચીફ ગેસ્ટ તરીકે કેલોરેક્સ ગ્રૂપના એમડી અને સીઈઓ શ્રીમતી ડો. મંજુલા શ્રોફને આમંત્રિત કર્યા હતા અને તેમની સાથે અન્ય મહેમાનો જેમકે સોલા ભાગવત વિદ્યાપીઠના જાણીતા સંત ભાગવત ઋષિ શાસ્ત્રીજી, લેખિકા તથા પૂર્વ આરજે ભૂમિકા ત્રિવેદી, જાણીતા કન્સલ્ટન્ટ રેડિયોલોજિસ્ટ ડો. મૃગેશ રજનીકાન્ત તથા જાણીતા વકીલ અને લીડ ઈન્ડિયા કેમ્પેનના અગ્રણી દેવાંગ નાણાવટી ઉપસ્થિત રહ્યા હતા.

જન્મદિવસે પણ મુખ્યમંત્રી બનાસકાંઠા-પાટણના પૂરગ્રસ્ત પ્રજાજનોની પડખે

જન્મદિવસની ઉજવણીની જગ્યાએ વિજય રૂપાણી આખો દિવસ પૂરપીડિતોની વ્યથા પૂછશે, તેમના આંસુ લૂછશે...!

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શાસનમાં પણ સંવેદનશીલતા હોઈ શકે એની હંમેશા પ્રતિતિ કરાવી છે. પ્રમાણિકતા અને પારદર્શીતાપૂર્વક નેતૃત્વ કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણીના પ્રત્યેક નિર્ણયોના પાયામાં પ્રજા કલ્યાણ અને માનવીય અભિગમ હોય છે. બનાસકાંઠા અને પાટણમાં ત્રણ પેઢીએ ન અનુભવ્યું હોય એવું પૂર આવ્યું. જિલ્લાના ગ્રામીણ નાગરિકોને સૌથી વધુ અસર થઈ. મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ સાથે બનાસકાંઠા જિલ્લાની જાતમાહિતી લેવા બનાસકાંઠા પહોંચ્યા અને બનાસકાંઠાની સ્થિતિ જોઈને, પરિસ્થિતિ પૂર્વવત્ કરવા જરૂરી પ્રયત્નોનો તાગ કાઢીને તેમણે પાંચ દિવસ માટે ત્યાંજ રોકાઈ જવાનો નિર્ણય કરી લીધો.

આવતીકાલે; ૨ ઓગસ્ટે મુખ્યમંત્રી વિજય રૂપાણીનો જન્મદિવસ છે. મુખ્યમંત્રીનો જન્મદિવસ હોય એટલે તેમના લાખ્ખો ચાહકો, કાર્યકરો, મિત્રો, શુભેચ્છકો, પરિવારજનોએ પોતપોતાની રીતે ઉજવણી કરવાના અને મહોત્સવ મનાવવાના મનસુબા સેવ્યા હોય એ સ્વાભાવિક છે. પરન્તુ મુખ્યમંત્રી વિજય રૂપાણી તદન ભિન્ન માટીના માણસ છે. તેમણે પોતાનો જન્મદિવસ પણ બનાસકાંઠા-પાટણની પૂરગ્રસ્ત પ્રજા વચ્ચે વિતાવવાની જાહેરાત કરી દીધી છે. જન્મદિવસની કોઈપણ જાતની ઉજવણી કર્યા વિના તેઓ આખ્ખો દિવસ ધાનેરા, સાંતલપુર અને વાવ વિસ્તારના પૂરપીડિતોની વ્યથા પૂછશે અને તેમના આંસુ લૂછશે.

ઉત્તર ગુજરાતમાં અતિવૃષ્ટિ થઈ તે પૂર્વે નિર્ધારિત કાર્યક્રમો પ્રમાણે મુખ્યમંત્રી વિજય રૂપાણી ૨ ઓગસ્ટે સુરત જવાના હતા. એ ઉપરાંત વતન રાજકોટમાં પણ કાર્યક્રમો હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અન્ય તમામ કાર્યક્રમો પળનો પણ વિચાર કર્યા વિના પડતા મૂક્યા અને તેઓ બનાસકાંઠા-પાટણમાં પૂરપીડિતોની પીડા શક્ય તેટલી ત્વરાએ દૂર કરવા, રાજ્ય સરકાર પૂરગ્રસ્તોની પડખે છે તેની પ્રતિતિ કરાવવા બનાસકાંઠા-પાટણમાં રોકાઈ ગયા.

આજે પાટનગર નિર્માણના અસરગ્રસ્ત ખેડૂતો કાળો દિવસ મનાવશે

રાજ્યમાં પૂરની આફતના પ્રસંગે સ્થાપના દિનની ઉજવણી કરવા બદલ નાયબ મુખ્યમંત્રી સહિત અગ્રણીઓની ટીકા કરાઈ

આવતીકાલે ગુજરાતના પાટનગર ગાંધીનગરનો ૫૩મો સ્થાપના દિન નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં જીઈબી કોલોની થર્મલ પાવર સ્ટેશન ખાતે ઉજવાશે. આ પ્રસંગે રાજધાની અસરરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ દ્વારા ૧૪ ગામોના ખેડૂતોના વળતર સહિતના વણ ઉકેલ્યા પ્રશ્નો અંગે વિરોધ પ્રગટ કરી કાળો દિવસ મનાવવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

ગાંધીનગરના નિર્માણ માટે જે ખેડૂતોની સોનાના ટુકડા જેવી જમીન સંપાદન કરાઈ હતી તેમને બેરોજગાર કરી પાયમાલ કરાયા છતાં હજુ તેમની સંપાદિત જમીનનું વળતર ચુકવાયુ નથી તથા તેમને આપવામાં આવેલા વચનો પરિપૂર્ણ કરાયા નથી તેવા આક્ષેપો સાથે અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ દ્વારા રાજધાનીના સ્થાપના દિનની ઉજવણીનો વિરોધ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી સહિત અગ્રણીઓ દ્વારા રાજ્યમાં પૂરની આફતની પરિસ્થિતિમાં પણ આ ઉજવણીમાં જોડાવા માટે મંડળ દ્વારા ઉગ્ર ટીકા વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ દ્વારા પાટનગર માટે જમીન આપનાર ખેડૂતોના વણઉકેલા પ્રશ્નો અડધી સદી વિતવા છતાં ઉકેલાયા ના હોવાથી વિરોધ પ્રદર્શન સાથે સ્થાપના દિવસને કાળો દિવસ તરીકે મનાવવાની જાહેરાત મંડળના પ્રમુખ લાલભાઈ પટેલ દ્વારા અખબારી યાદીમાં કરવામાં આવી છે.

બનાસ ડેરી દ્વારા પશુધનમાં ગળ-સુંઢા જેવા ચેપી રોગો અટકાવવા રસીકરણ

પાલનપુર, તા. ૧

બનાસકાંઠામાં અનરાધાર વરસાદના કારણે પૂરની પરિસ્થિતિ નિર્માણ થઈ હોવાથી પશુઓમાં પણ ઘણી જાનહાનિ થવા પામી છે અને ઘાસચારાને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયેલ છે જેમાં કેટલોક ઘાસચારો તણાઈ ગયો છે, તેમજ બચેલા ખુલ્લામાં રહેલા ઘાસચારામાં સતત પાણી તથા ભેજના કારણે ફૂગ લાગવાથી ચારો કાળો પડવાની પૂરેપૂરી શક્યતા છે, આવા ફૂગ વાળા કાળાશ પડતા ઘાસચારાનું નીરણ કરવાથી પશુઓને ફૂગના ઝેરને કારણે માંદગી થઈ શકે છે, ક્યારેક મૃત્ય પણ થઈ શકે છે આ બધી બાબત ધ્યાનમાં આવતા રાજ્ય સરકારના માનનીય મંત્રીશ્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ તેમજ ડેરીના વેટરનરી વિભાગ દ્વારા ઉપયોગી તમામ પગલાં લઈ રહેલ છે, જેમાં રોગચાળો ફાટી નીકળે નહી તે માટે સઘન રસીકરણ કરવાનું, બિમાર પશુઓને યોગ્ય ઝડપી સારવાર પૂરી પાડવાનું, પશુઆહાર થતા પશુ રખ-રખાવ વિષે પશુપાલકોને માર્ગદર્શન પૂરું પાડવું વગેરેની કામગીરી પૂરા જોશથી હાથ ધરવામાં આવેલ છે.

તમામ પશુપાલકોએ આવા કાળા પડી ગયેલા ભેજવાળા ઘાસચારાનું (ખાસ કરીને સંગ્રહાયેલા ઘાસચારાના ઉપલા થરના ચારાનું) નીરણ કરવું નહી, અને તેનો યોગ્ય રીતે નાશ કરવો, જો ઘાસચારો ભેજવાળો જણાય તો તેને અલગ કરીને સૂર્યપ્રકાશમાં (તડકામાં) સાતથી આઠ દિવસ સુકવ્યા બાદ ખંખેરીને, ચાફ કટરથી કાપીને તેમાં મીઠું નાખીને જ તેનું નીરણ કરવું તે બાબતની ખાસ તકેદારી રાખવી જરૂરી છે.

બૃહદ બનાસકાંઠામાં અતિશય ભારે વરસાદ આવવાના લીધે જળ સંકટની પરિસ્થિતિ સર્જાઈ હતી તેના લીધે હજી થોડા અંશે વાતાવરણ પર અસર દેખાઈ રહી છે, જેમાં હાલ ભેજવાળા વાતારણના લીધે ગળ સુંઢા જેવા રોગની શક્યતા વધુ હોવાથી તાત્કાલિક આ રોગ વિરોધી રસી સંપૂર્ણ પણે તમામ પશુઓમાં મુકાવવાની ભલામણ કરવામાં આવે છે, હાલમાં દરેક બીજદાન કર્મચારીને (પશુપાલન મિત્રને) આ રોગ વિરોધી રસી સંઘ તરફથી આપવામાં આવેલ છે, તો દેરક પશુપાલકને અનુરોધ કરવામાં આવે છે કે આપના ગામના બીજદાન કર્મચારી (પશુપાલન મિત્ર) દ્વારા આ ગળ-સુંઢા વિરોધી રસી મુકાવીને સંપૂર્ણ પણે સહયોગ આપવામાં આવશે.

ખુંખાર ત્રાસવાદી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારને ઘેરી લઈને ઓપરેશન હાથ ધર્યુ હતુ. એ જ દરમિયાન ફસાઈ ગયેલા ત્રાસવાદીઓએ સુરક્ષા દળો પર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. જેના પરિણામસ્વરૂપે સુરક્ષા દળોને ગોળીબાર કરવાની ફરજ પડી હતી. જવાબી કાર્યવાહી કરવામાં આવતા દુજાના અને અન્ય ત્રાસવાદીઓ ઠાર થયા હતા. સર્ચ ઓપરેશન હજુ પણ ચાલી રહ્યુ છે. દુજાના અને તેના આ સીથીઓ જમ્મુ કાશ્મીરામાં અનેક હુમલામાં સામેલ રહ્યા હતા. દુજાના ઉર્ફે હાફિઝ તોયબાના ડિવીઝનલ કમાન્ડર તરીકે કામ કરી રહ્યો હતો. તે ઉત્તરીય પાકિસ્તાનનો હતો. લશ્કરે તોયબા, જેશે મોહમ્મદ અને હિઝબુલના ત્રાસવાદીઓની સુરક્ષા દળો દ્વારા બનાવવામાં આવેલી યાદીમાં દુજાના ટોપ પર હતો. તે અનેક હુમલામાં સીધી રીતે સામેલ હતો. મે મહિનામાં આ જ જગ્યાએ દુજાના ફસાઈ ગયો હતો પરંતુ એ વખતે તે બચી જવામાં સફળ રહ્યો હતો. જો કે આજે સવારે સુરક્ષા દળોના હાથ તે બચી શક્યો ન હતો. તે અગાઉ સ્થાનિક લોકોની મદદથી ભાગી ગયો હતો.

વિસ્તરણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તરણ કરી શકે છે. આ વખતે મંત્રીમંડળમાં કેટલાક નવા લોકોને મહત્વ મળી શકે છે. બીજી બાજુ એવા રાજ્યોને પણ પ્રતિનિધિત્વ મળી શકે છે જ્યાં આગામી દિવસોમાં ચૂંટણી યોજાનાર છે. થોડાક દિવસ પહેલા જ એવી ચર્ચા પણ હતી કે, ભાજપ અધ્યક્ષ અમિત શાહને સંરક્ષણ મંત્રી બનાવવામાં આવી શકે છે પરંતુ અમિત શાહ આ પ્રકારના અહેવાલોને રદિયો આપી ચુક્યા છે. તેઓ કહી ચુક્યા છે કે, ભાજપ અધ્યક્ષ બનીને તેઓ ખુશ છે. વેંકૈયા નાયડુને ઉપરાષ્ટ્રપતિ પદ માટેના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા બાદ મોદી સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે તેઓ રાજીનામુ આપી ચુક્યા છે.

વેંકૈયા નાયડુ મોદી કેબિનેટમાં કેટલાક મહત્વપૂર્ણ મંત્રાલયોની જવાબદારી સંભાળી રહ્યા હતા. નાયડુની પાસે ત્રણ મંત્રાલયો હતા જેમાં માહિતી અને પ્રસારણ મંત્રાલય, શહેરી વિકાસ મંત્રાલય, ગરીબી નાબૂદી મંત્રાલયનો સમાવેશ થાય છે. ત્રણેય મંત્રાલયોને વધારાની જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. અરુણ જેટલી પહેલાથી જ નાણા મંત્રાલયની સાથે સાથે સંરક્ષણ મંત્રાલયની વધારાની જવાબદારી સંભાળી રહ્યા છે. આ વર્ષે મનોહર પારીકરના ગોવાના મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા બાદ સંરક્ષણમંત્રી તરીકેની જગ્યા ખાલી થઈ હતી. બીજી બાજુ પર્યાવરણ મંત્રી અનિલ દવેનું અવસાન થયા બાદ હર્ષવર્ધનને પર્યાવરણ મંત્રાલયની વધારાની જવાબદારી સોંપાઈ હતી. હર્ષવર્ધન પહેલાથી જ વિજ્ઞાન અને ટેકનોલોજીની જવાબદારી સંભાળી રહ્યા છે.

મતદારો નોંધાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તંત્રને અંદાજ કરતાં વધુ અરજીઓ મળી છે.

સૌથી વધઉ ગાંધીનગર(દ)માંથી અરજીઓ નવા નામ દાખલ કરવા માટે મળી છે. જ્યારે સૌથી ઓછી અરજી ગાંધીનગર (ઉ) બેઠક પર મળી છે. ગાંધીનગર (દ) બેઠક પરથી ૧૧ હજાર જેટલી અરજીઓ મળી છે. જ્યારે ગાંધીનગર (ઉ)માંથી ૨૫૦૦ જેટલી અરજીઓ મળી છે.

સાદગીપૂર્વક ઉજવણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાળ વિકાસ મંત્રી નિર્મળાબેન વાઘવાણી ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, પ્રભારી સચિવ સંજીવકુમાર, જિલ્લા કલેકટર , મ્યુનિ કમિશ્નર ,મેયર પ્રવિણ પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે સહીતના અગ્રણીઓ પણ હાજર રહેશે. આ ઉપરાંત ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ દ્વારા પણ સે-૨૨ સામે સ્થિત ગરબા મેદાન ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ તબક્કે ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રીજી , ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ ડી નગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહાં એસ પી કચેરીના પ્રવિણ વાલેરા તેમજ સંસ્થાના પ્રમુખ કુંપલ દવે હાજર રહેશે.

સુવિધાઓથી વંચિત...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે જમીન ગુમાવનાર અસરગ્રસ્ત ખેડુતો જયાં વસવાટ કરે છે. તેવા શહેરી વિસ્તારના ગામોમાં પણ પર્યાપ્ત માળખાગત સુવિધાઓનો અભાવ વર્તાય છે. આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગાંધીનગરમાં વર્ષોના અંતે યોગ્ય વાહન સુવિધા ન હોવાથી સ્થાનિક નાગરિકો હજુ પણ ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરવી પડે છે. જયારે વસતી અને વિકાસ મુજબ રોડ ડિઝાઈનીંગમાં પણ સુધાર કરવાની અનિવાર્યતા છે. સતત વધતા ટ્રાફિકના ધમધમાટને ધ્યાને લઈ શહેરમાં સલામત રોડ નેટવર્કને ધ્યાને લઈ અન્ડર પાસ બનાવાની યોજના સંદર્ભે કોઈ આયોજન થયુ નથી. રેલવે માટે રૂ ૨૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવી રહયો છે. પરંતુ એક પણ નવી ટ્રેઈન કેપિટલ સ્ટેશનના પોકેટમાં આવી નથી.

દેશના અન્ય રાજયોના પાટનગર જેવી સુવિધાઓ ગાંધીનગરને હજુ સુધી મળી શકી નથી. ત્યારે સ્માર્ટ સીટીમાં નગરનો સમાવેશ કરવામાં આવતા કેન્દ્ર સરકાર દ્વારા ૧૪૪૦ કરોડની રકમ ફાળવવાનો નિર્ણય લેવાયો છે. જેનો ઉપયોગ પ્રજાલક્ષી પ્રશ્નોના નિરાકરણ માટે થાય તેમજ નગરને પાટનગર સમકક્ષ સુવિધા મળે તે ખુબ જ અનિવાર્ય હોવાનુ પણ તેમણે જણાંવ્યુ હતુ.

૪૦થી વધુ કેસ... ● ત્રીજા પાનાનું ચાલુ

આજે જિલ્લા આરોગ્ય અધિકારીને આ અંગે જાણ કરવામાં આવતાં જ તેઓ કલોલ દોડી ગયા હતા. તેમણે પ્રાંત અધિકારીને મળી પણ દરમ્યાનગીરી કરવા જણાવતાં નગરપાલિકાના ચીફ ઓફિસરને તેમની હાજરીમાં જ બોલાવી સુપર ક્લોરીનેશન માટેની સૂચનાઓ આપવામાં આવી હતી.

દરમ્યાન દર્દીઓને સારૂ અને ચોખ્ખુ પેયજળ મળે તે માટે બ્લોક હેલ્થ ઓફિસની ટહેલને પગલે એક સંસ્થા દ્વારા ૪ હજાર બિલ્લટી વોટરની સીએચસીને આપવામાં આવી છે. જેને લઈ તંત્ર દ્વારા દરેક દર્દીને પાંચ પાંચ બોટલ પાણી પેયજળ માટે આપવામાં આવી છે. હાલ દર્દીઓની સ્થિતિ સારી હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

હેલ્લો ફ્રેન્ડ્સ! ● ૪ પાનાનું ચાલુ...

જાણે આ મારાં જેવી અનેક પાર્મી માટે લખાયું છે. વાત પણ સાચી જ છે પાર્મીને લખવાનો જુનો શોખ હતો એ આજે અચાનક ફરી ઉચાળા મારી શબ્દ દેહે અવતર્યો છે. એ એની વાર્તા એના આર.જે. જેવાં વોઈસમાં રેકોર્ડ કરી 'વીક એન્ડ સ્ટોરી' કરી સોશિયલ મીડિયમાં શેર કરે છે.

પાર્મી દેસાઈએ નોટ ઉખાડી અધૂરી મુકેલી કવિતા ફરી લખવી શરુ કરી, 'જિંદગીના ઉતાર ચઢાવમાં સમયની સાથે વહેતી ગઈ. દીકરી બનતાં સાથે જ મને બહેનની ભૂમિકાય મળી ગઈ. માસૂમ-કોમળ બાળપણ વિત્યું, જુવાની સાથે દોસ્તી થઈ. ચંચળતાના આ તબક્કે જાણે કેટલીયે સખીઓ થઈ. ગંભીરતાના પાઠ શીખવી હતી... ને ત્યાં જ તો મારી સગાઈ થઈ. લગ્ન થયા પત્ની બનીને ભવિષ્યમાં સપનાં જોતી ગઈ. બહેન-દીકરીની સાથે હવે ભાભી અને પુત્રવધૂ પણ થઈ. પતિ-સાસરીયા ને પાડોશીઓના મન હું જાણે જીતતી ગઈ. એવામાં સુંદર દીકરી જન્મી, હવે હું 'મા' પણ બની ગઈ. સંસ્કારોનું સિંચન કરતાં દીકરીને મોટી કરતી થઈ. સાથે જ કાકી, ફોઈ, માસી, મામી.... એમ કેટલીયે પદવી લેતી ગઈ... સ્ત્રી છું હું એવી સ્ત્રી... જે કેટલાંય પાત્રો ભજવતી ગઈ...' આ વાત ભલે પાર્મી દેસાઈની હોય, પણ ચાલીસે પહોંચેલી બધી સ્ત્રીઓની આસપાસ જ હશે!

ચૂંટલો :

સંસારને સેટલ કરી ફ્રી થયેલી ફોર્ટી પ્લસ સ્ત્રીને ફરી થોડું ખિલવું છે... ખુલવું છે... થોડું વહેવું છે... થોડું કહેવું છે... થોડું મ્હોરીને થોડું મહેંકવું છે... ફોનમાં મીઠાં અવાજે ટહેકવું છે... એને આ બધું કરવું છે તો શું આ બધું ખોટું છે?

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ